# હાથમાં સહારો નહીં, હિંમત આપતું એક નામ 'અપંગના ઓજસ'

વડોદરાના ધરતી પર એક એવી સંસ્થા કાર્યરત છે, જે દિવ્યાંગ લોકો માટે માત્ર સહાયનું કેન્દ્ર નથી, પણ આત્મનિર્ભર જીવન તરફનો માર્ગદર્શક બની છે. 'અપંગના ઓજસ' છેલ્લા પાંચ વર્ષથી હજારો દિવ્યાંગોના જીવનમાં આશાનો નવો કિરણ બની ઊભર્યું છે. જ્યારે શરીર મર્યાદાઓ લાદે છે, ત્યારે આ સંસ્થા મનોબળ અને સ્વાભિમાનનો હાથ પકડીને તેમને સમાજની મુખ્યધારામાં જોડે છે. અહીં સહાનુભૂતિ નહીં, પરંતુ સન્માન અને સ્વાભિમાન સાથે જીવવાની પ્રેરણા મળે છે.

## "હાથ ફેલાવવા નહીં, કમાવાની શક્તિ"

'અપંગના ઓજસ'નું સૌથી પ્રેરણાદાયી પાસું છે સ્વરોજગાર તાલીમ. મીણબત્તી, અગરબત્તી, પેકિંગ કામ, રૂની દિવેટ જેવા વ્યવસાયિક હુન્નર શીખવીને દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવામાં આવ્યા છે. ઘણા લોકો આજે ચા-નાસ્તાની લારી કે નાના ધંધા દ્વારા ગૌરવભેર પોતાનું જીવન ચલાવી રહ્યા છે. સંસ્થાએ ખાનગી કંપનીઓ સાથે જોડાણ કરીને 324 દિવ્યાંગ યુવાનોને નોકરી અપાવી છે - રિસેપ્શનિસ્ટથી લઈને પેટ્રોલ પંપ અને ફૂડ આઉટલેટ્સ સુધી.

## "સેવા નહીં, પરિવાર જેવી લાગણી"નો અનુભવ

સંસ્થા માત્ર સાધનો આપીને અટકતી નથી. દર વર્ષે 3,300થી વધુ દિવ્યાંગ બાળકોને નોટબુક, સ્ટેશનરી કીટ, ટિફિન અને વોટર બોટલ આપીને શિક્ષણની સાથે જીવનની જરૂરિયાતો પણ પૂરી કરે છે. શિયાળામાં 1,260 બાળકોને સ્વેટર-ટોપી અને ચોમાસામાં જેકેટ આપી તેઓને એક પરિવાર જેવી હૂંફ આપવામાં આવે છે. અનાથ અને મંદબુદ્ધિના બાળકો માટેની સહાય અનેક પરિવારો માટે આશીર્વાદ સમાન બની છે.

## "એક દીવો જે હજારો ઘરોને પ્રકાશિત કરે છે"

આ સંસ્થાનો સેવા યજ્ઞ આજે હજારો પરિવારોમાં આશાનો પ્રકાશ ફેલાવી રહ્યો છે. 'અપંગના ઓજસ' માત્ર એક સંસ્થા નથી - તે વિશ્વાસ છે, હિંમત છે અને એક નવી શરૂઆતનું પ્રતિક છે. અહીંથી શરૂ થતી દરેક વાર્તા એ સાબિત કરે છે કે જો તક અને ટેકો મળે, તો કોઈપણ વ્યક્તિ પોતાના સપનાઓને સાકાર કરી શકે છે.









**"ચાર દીવાલોથી બહાર - નવી દુનિયા તરફનું એક પગલું"** | ઘણા દિવ્યાંગો માટે ઘર જ આખી દુનિયા બની રહે છે, પરંતુ 'અપંગના ઓજસ' એ આ સીમાઓ તોડી છે. છેલ્લા પાંચ વર્ષમાં 2,601 ટ્રાયસાયકલ, 1,867 વ્હીલચેર અને 3,880 બગલઘોડી આપીને હજારો લોકોને ગતિ આપી છે. દ્રષ્ટિહીન મિત્રો માટે 786 બ્લાઇન્ડ સ્ટિક અને 830 બ્લાઇન્ડ કીટ, તેમજ 1,200 શ્રવણયંત્રો આપી સંસ્થાએ તેમને ફરીથી દુનિયા સાથે જોડ્યા છે. આ માત્ર આંકડા નથી - આ હજારો સપનાઓને મળેલી નવી ઉડાન છે.

**"દિવ્યાંગતા શરીરમાં છે, મનમાં નહીં"** | 'અપંગના ઓજસ'એ સાબિત કર્યું છે કે દિવ્યાંગતા કોઈ અડચણ નહીં, પરંતુ નવી રીતે જીવવાનું એક કારણ બની શકે છે. સરકારની યોજનાઓ અને સંસ્થાની નિષ્ઠા સાથે વડોદરામાં દિવ્યાંગ સશક્તિકરણનું અનોખું મોડેલ ઊભું થયું છે. અહીં દરેક વ્યક્તિને સમજાવવામાં આવે છે કે તેઓ કોઈ પર નિર્ભર નથી - તેઓ પોતે એક શક્તિ છે.



### કેમેરાની આંખે જીવનના રંગ

# 'મારા વિઝન દ્વારા' પ્રદર્શનથી લાગણીઓનું જીવંત ચિત્ર

સંસ્કારી નગરી વડોદરામાં કલા અને સંસ્કૃતિ હંમેશા જીવંત રહી છે, અને એ જ પરંપરાને આગળ વધારતા નિહારિકા કલાસંસ્થા દ્વારા એક અનોખું ફોટોગ્રાફી પ્રદર્શન 'મારા વિઝન દ્વારા'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રખ્યાત ચિત્રકાર રવિશંકર રાવલ દ્વારા સ્થાપિત આ સંસ્થા હંમેશા નવા અને પ્રતિભાશાળી કલાકારોને મંચ પૂરું પાડતી આવી છે. આ વખતે યુવા ફોટોગ્રાફર અમિત મકવાણાના સર્જનો દ્વારા જીવનના વિવિધ રંગોને કેમેરાની નજરે રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શન માત્ર ફોટોગ્રાફ્સનું સંકલન નહોતું, પરંતુ દરેક ફ્રેમમાં જીવનની ધબકતી ક્ષણો જીવંત બની ઊભી રહી હતી. આનંદના ઉત્સવથી લઈને ઉદાસીનતાની ઊંડી લાગણીઓ સુધી, દરેક ભાવને અમિત મકવાણાએ ખૂબ જ સંવેદનશીલ રીતે કેમેરામાં કંડાર્યા છે. તેમની તસવીરોમાં માનવીય લાગણીઓની ઝાંખી એટલી પ્રભાવશાળી હતી કે દર્શક પોતે તે ક્ષણનો હિસ્સો બની જાય એવી અનુભૂતિ થતી હતી. પ્રદર્શન દરમિયાન વિવિધ વિષયો પર આધારિત રચનાઓએ દર્શકોનું ધ્યાન ખેંચ્યું. દરેક ફોટોગ્રાફ પાછળ એક વાર્તા છુપાયેલી હતી - ક્યાંક ખુશીના રંગો, તો ક્યાંક જીવનના સંઘર્ષની શાંતિપૂર્ણ અભિવ્યક્તિ. અમિત મકવાણાની નજર સામાન્ય ક્ષણોને પણ અસામાન્ય બનાવી દે તેવી છે, જે આ પ્રદર્શનની સૌથી મોટી ખાસિયત રહી. આ એક્ઝિબિશનના ઉદ્ઘાટન પ્રસંગે વિરાજ મિસ્ત્રી, મહેશ વર્મા, મધુ ખૈરે તેમજ ધર્મેશ રાજપુત સહિત વડોદરાના અનેક ફોટોગ્રાફર્સ અને કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. તમામે આ પ્રદર્શનની પ્રશંસા કરી અને યુવા કલાકારના પ્રયત્નોને વધાવી લીધા હતા. 'મારા વિઝન દ્વારા' પ્રદર્શન એ સાબિત કરે છે કે ફોટોગ્રાફી માત્ર એક કલા નથી, પરંતુ લાગણીઓને જીવંત રાખવાનો એક સશક્ત માધ્યમ છે. વડોદરાની આ કલા યાત્રામાં અમિત મકવાણાનું આ પ્રદર્શન એક યાદગાર અધ્યાય બની રહ્યું છે, જે દર્શકોના દિલમાં લાંબા સમય સુધી પોતાની છાપ છોડી જશે.







# "વડોદરા ક્લાસિક છે"

## જાનકી બોડીવાલાનો શહેર પ્રત્યેનો પ્રેમ

"સ્વાદ, સંસ્કાર અને સ્ટાઇલ - વડોદરા દિલમાં વસેલું શહેર" :
**"સેવઉસળથી લઈને સ્મિત સુધી, અહીં બધું જ ખાસ છે"**



લોકપ્રિય ગુજરાતી અભિનેત્રી જાનકી બોડીવાલાએ વડોદરા શહેર વિશે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં કહ્યું કે, "વડોદરા ખરેખર એક ક્લાસિક શહેર છે."તેમના જણાવ્યા અનુસાર, વડોદરા માત્ર એક શહેર નથી, પરંતુ લાગણીઓથી ભરેલું ઘર છે. અહીંના લોકો ખૂબ પ્રેમાળ અને આત્મીયતા ધરાવતા છે. "આ શહેરમાં આવે ત્યારે હંમેશા પોતાપણું અનુભવાય છે," એમ તેમણે ઉમેર્યું.જિયાસ ડિઝાઈનર સ્ટુડિયોના ઓપનિંગમાં આવેલી જાનકીએ ખાસ કરીને વડોદરાની ફૂડ કલ્ચરની પ્રશંસા કરતા કહ્યું કે તેઓ અહીંના સેવઉસળ, ભજીયા અને પાણીપુરીની ખૂબ મોટી ફેન છે. "શૂટિંગ દરમિયાન ડાયેટ રાખવું પડે છે, પરંતુ કામ પૂરું થાય પછી વડોદરાના સ્વાદનો આનંદ લેવાનું હું ક્યારેય ચૂકી શકતી નથી," એમ તેમણે હસતાં જણાવ્યું.તેમણે આગળ જણાવ્યું કે વડોદરાના લોકોની ખાસિયત એ છે કે તેઓ કોઈને ભૂખ્યા રહેવા દેતા નથી અને સંસ્કારોથી ભરપૂર જીવન જીવતા હોય છે. ગુજરાતી ભાષા અને સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ જે અહીં દરેક વ્યક્તિમાં જોવા મળે છે. જાનકી બોડીવાલાએ આવનારા ભવિષ્યમાં વડોદરા શહેરમાં કાફે શરૂ કરવાની ઈચ્છા પણ તેમણે વ્યક્ત કરી, જે તેમના શહેર પ્રત્યેના લગાવને વધુ મજબૂત બનાવે છે.તેમના શબ્દોમાં - "વડોદરા એ સંસ્કાર, સ્વાદ અને સ્ટાઈલનું પરફેક્ટ મિશ્રણ છે."

**"વડોદરા એ સંસ્કાર, સ્વાદ અને સ્ટાઇલનું પરફેક્ટ મિશ્રણ છે."**

### શિલ્પાબેન શેલતનું પક્ષીઓ માટેનું ઉપવન એટલે.....

# કોંક્રિટના શહેરમાં હરિયાળું સ્વપ્ન

WORLD SPARROW DAY
20th March
www.worldsparrowday.org

ઝડપભર્યા શહેર જીવનમાં જ્યાં કોંક્રિટ અને અવાજનો રાજ છે, ત્યાં વડોદરાના ગોત્રી વિસ્તારમાં એક નાનું ઘર કુદરતનું શાંત આશ્રય બની ગયું છે. 62 વર્ષીય ગૃહિણી શિલ્પાબેન શેલતએ પોતાના ઘરના 1000 ચો.ફૂટ ગાર્ડનને માત્ર બગીચો નહીં, પરંતુ પક્ષીઓ માટે જીવંત ઉપવનમાં ફેરવી દીધું છે.

## સંવેદના, શોખ અને સંકલ્પનું અનોખું મિશ્રણ

શિલ્પાબેન કહે છે કે, તેમને નાનપણથી જ ખેતી અને ગાર્ડનિંગનો શોખ હતો. લગ્ન પછી પણ તેઓ પિયરના છોડ સાથે લાવી આ શોખને જીવંત રાખ્યો.દર ત્રણ મહિને ઓર્ગેનિક ખાતર નાખીને તેઓ ગાર્ડનને હરિયાળું રાખે છે, જેના કારણે ઉનાળામાં પણ બગીચો તાજગીભર્યો રહે છે.તેમનો પ્રયાસ માત્ર પોતાનાં ઘર સુધી સીમિત નથી. તેઓ શુભ પ્રસંગે લોકોમાં કુંડા અને બર્ડ ફીડર ભેટ આપે છે, સીડ કલેક્શન કરીને આપલે કરે છે અને અન્ય લોકોને પણ પ્રેરિત કરે છે. નિવૃત જીવનમાં તેઓ ઉંધીયા અને નાસ્તાના ઓર્ડર લઈને પોતાની પ્રવૃત્તિઓને પણ જીવંત રાખે છે.



## પક્ષીઓ માટે ઘર જેવું ઘર

શિલ્પાબેનના ગાર્ડનમાં સીતાફળ, જમરૂખ, કેળા, પપૈયા જેવા ફળોના ઝાડ સાથે અપરાજીતા, મધુકામીની, મોર્નિંગ ગ્લોરી, ગુલાબ, રાતરાણી અને બ્રહ્મ કમળ જેવા ફૂલોના છોડ ખીલે છે.દરરોજ તેઓ એક કિલો જેટલું ઝીણું દાણ અલગ અલગ જગ્યાએ મૂકે છે અને પાણીની વ્યવસ્થા કરે છે. જેના કારણે અહીં ચકલી, કાબર, કોયલ, પોપટ, સનબર્ડ અને ખીસકોલી જેવા પ્રાણીઓ માટે આ ગાર્ડન આશ્રયસ્થાન બની ગયું છે. ક્યારેક વાંદરાઓ પણ અહીં મહેમાન બને છે. શહેરના ગર્જનામાં આ ગાર્ડનમાંથી આવતો પક્ષીઓનો કલરવ એક અનોખી શાંતિ આપે છે–જ્યાં દિવસની શરૂઆત અને અંત કુદરતના સંગીત સાથે થાય છે.





## એક નાની શરૂઆત, મોટો સંદેશ

**શિલ્પાબેનનું આ ઉપવન માત્ર બગીચો નથી–તે સંવેદનાનો પાઠ છે.જો દરેક વ્યક્તિ પોતાના ઘરમાં થોડું જગ્યા, થોડું દાણ અને થોડું પાણી પક્ષીઓ માટે મૂકે, તો શહેરમાં ફરીથી કુદરતનું સંગીત ગુંજી ઉઠે.ઉનાળાની ઋતુમાં આ પ્રયાસ વધુ મહત્વનો બની જાય છે.નાનકડી શરૂઆતથી હરિયાળું શહેર અને જીવંત પર્યાવરણ સર્જી શકાય–શિલ્પાબેન તેનું જીવંત ઉદાહરણ છે.**

